# બીએસએનએલના આપખુદશાહી વર્તનથી જુસિકાએ પર્સનલ મોબાઈલ નંબર સેવાર્થે આપ્યો

## સે-૧૨ સિવિલ કંપાઉન્ડ સ્થિત જુસિકાએ ઓફિસ બદલતા લાઈન બદલવા અરજી કરી : તંત્રના કર્મચારીઓને શુભ મુહુર્ત મળતું નથી

ગાંધીનગર, તા.૨૦

એક બાજુ કેન્દ્રિય ટેલીકોમ પ્રધાન રવિશંકર પ્રસાદ બીએસએનએલના ગ્રાહકો વધારવા માટે વિવિધ પગલા ભરી રહ્યા છે. બીજી બાજુ બીએસએનએલના અધિકારીઓને જ તંત્રને સધ્ધર બનાવવાની પડી નથી. જુસિકા દ્વારા ટેલિફોન લાઈન ટ્રાન્સફર કરવા માટે અરજી કરી છે પરંતુ સત્તાધારી અધિકારીના બહેરા કાને વાત સંભળાતી નથી.

સેકટર-૧૨ સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ ખાતે કાર્યરત જુનિયર સિટીન્સ કાઉન્સિલની ઓફિસ પહેલા સિવિલના મુખ્ય દરવાજાની બાજુમાં કાર્યરત હતી પરંતુ સંજોગોવસાત આ ઓફિસ હાલ ૫૬/૧ જી-૧ ટાઈપમાં કાર્યરત છે ત્યારે સંસ્થા દ્વારા બીએસએનએલ લાઈન ટ્રાન્સફર કરવામાં મુહુર્ત ન હોવાના કારણે સેવા કરતી સંસ્થાને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સંસ્થા દ્વારા દર્દીઓની સેવાર્થે મો ૯૪૨૬૮ ૩૩૩૪૪ શરુ કરવામાં આવ્યો છે.

કેન્દ્રિય ટેલિકોમ મંત્રી રવિશંકર પ્રસાદ બીસએનએલનો કારોબાર વધે અને કંપની અકાળે અવસાન ન પામે તે માટે વિવિધ ગ્રાહક લક્ષી યોજનાઓ બહાર પાડી રહ્યા છે ત્યારે એ.સી.માં બેસી ઠંડી હવા ખાતા અધિકારીઓને તો પડી જ નથી.

બીએસએનએલ સામે અનેક નગરજનોને નારાજગી છે. ઓફિસે બીલ ભરવાથી લઈને પુછપરછ કરવા માટે ગ્રાહક જયારે પહોંચે છે ત્યારે તેની સામે ઉધ્ધતાઈભર્યું વલણ કરવાના અનેક બનાવો બનવા પામ્યા છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

**હવે તો વરસી જા વીર...!!**

‘સૂના થયા જંગલો ને ખૂટયાં નદીના નીર... કેમ સતાવે બાપલાં હવે તો વરસી જા વીર, તાત રુવે છે રાતા પાણીએ, ઝટ કરતું, સાંભળી ખેડૂતોની વેદના, જરાય ના ધરતો ધીર, મ્હોંના ફેર તુ માતર, હવે તો વરસી જા વીર...

# શાહપુર ગામમાં સવા કલાકમાં ૧.૫૭ લાખની ઘરફોડ ચોરી

## મકાનમાં ઘુસીને તસ્કરો ૧.૨૨ લાખ રોકડા અને ૩૫ હજારના દાગીના તિજોરીમાંથી ઉઠાવી ગયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરને અડીને આવેલા શાહપુર ગામમાં ગઈ મોડી સાંજે તસ્કરો ઘુસ્યા હતા. સવા કલાકના સમયગાળામાં તસ્કરો મકાનના દરવાજાની સ્ટોપર ખોલીને તિજોરીમાંથી રોકડા તથા દાગીના મળીને કુલ રૂ. ૧.૫૭ લાખનો સામાન ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. મકાનમાલીકની ફરીયાદને આધારે ડભોડા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

શાહપુર ગામમાં રહેતા અશોકભાઈ મગનભાઈ પટેલના મકાનમાં ઉપરના બીજા માળે તેમનું પરીવાર રહે છે અને નીચે મકાન ભાડે આપેલુ છે. ગઈકાલે મોડી સાંજે તેમના દિકરા ‘બજરંગી ભાઈજાન’ ફિલ્મ જોવા ગયા હતા અને અશોકભાઈ તેમના પરિવાર સાથે ઉપરના રૂમમાં હતા. નીચેનાં રૂમના દરવાજાની સ્ટોપર આડી કરેલી હતી. આ સ્ટોપર મોડી સાંજે ૯.૩૦થી ૧૦.૪૫ના સવા કલાકના સમયગાળામાં કોઈ શખ્સે ખોલીને અંદર ખુલ્લી તિજોરીમાંથી રોકડ રૂ. ૧.૨૨ લાખ અને ૩૫ હજારના દાગીના મળી કુલ રૂ. ૧.૫૭ લાખના માલસામાન ચોરી કરી ફરાર થઈ ગયા હતા. કોઈ જાણભેદુનો હાથ હોવાની પોલીસને આશંકા છે. ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીએ ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# પેથાપુર શાક માર્કેટ પાસેથી રોમીયોગીરી કરતાં બે ઝડપાયા

## આવતી જતી યુવતીઓની ઠઠ્ઠા-મશ્કરીઓ કરતાં હતા : બંને સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક પેથાપુર બસ સ્ટેન્ડ પાસે બાઈક લઈને ઉભા રહી શાક માર્કેટમાં અવર જવર કરતી યુવતીઓ-મહિલાઓની ઠઠ્ઠા-મશ્કરીઓ કરી છેડતી કરતા બે રોમીયોને પેથાપુર પોલીસની એન્ટી રોમિયો સ્કવોર્ડે ગઈ કાલે સાંજે પકડી પાડયા છે.

પેથાપુર કિર્તીરાજ સોસાયટીમાં રહેતા રાહુલ ભુપેન્દ્રભાઈ પટેલ અને નિરવ ખોડાભાઈ પટેલની સામે આઈપીસી કલમ ૫૦૯, ૧૧૪ મુજબ ગુનો નોંધી બંનેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ઘટનાની તપાસ જમાદાર જયરામભાઈએ આરંભી છે.

# મહુન્દ્રાના આધેડે શરીરે કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દીધી

## શરીરે ગંભીર રીતે દાઝી ગયેલા આધેડનું સારવાર દરમ્યાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર પાસેના મહુન્દ્રા ગામના ૪૫ વર્ષીય આધેડે ગઈ સમી સાંજે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર શરીરે કેરોશીન છાંટીને દિવાસળી ચાંપી દઈ અગ્નિસ્નાન કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવેલા આધેડનું સારવાર દરમ્યાન મોડી સાંજે પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મહુન્દ્રા ગામનાં ટાંકીવાળા વાસમાં રહેતા ૪૫ વર્ષીય પ્રહલાદજી શકરાજી ઠાકોરે ગઈકાલે સમી સાંજે પોતાનાં ઘરે જ કોઈ કારણોસર શરીરે કેરોશીન છાંટીને દિવાસળી ચાંપી દીધી હતી. ભડભડ સળગી ગયેલા શરીરને જોઈને પરીવારજનો સહીત ગ્રામજનો પણ ચોંકી ગયા હતા. તાત્કાલીક ગંભીર હાલતમાં પ્રહલાદજીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે સારવાર દરમ્યાન મોડી સાંજે તેમનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. ચિલોડા પોલીસ મથકના જમાદાર સજ્જીદખાને અકસ્માત મોતનો ગુનો નોંધીને ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં માનસિક બિમારીથી કંટાળીને આધેડે આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. એફએસએલની મદદ લઈને પોલીસે તપાસ શરૂ કરી છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૦૬**

**સૂર્યાસ્ત : ૭.૨૮**

### તાપમાન

**મહત્તમ : ૩૨.૪ ડિ.સે.**

**લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૭૮ ટકા ● સાંજે ૭૦ ટકા**

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન: ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન: ૧.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૩ :**
બાહુબલી: ૧.૦૦, ૪.૦૦
બજરંગી ભાઈજાન: ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
બજરંગી ભાઈજાન: ૧૦.૦૦
બાહુબલી: ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**
બજરંગી ભાઈજાન: ૧૦.૦૦
બાહુબલી: ૧૦.૦૦

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન: ૯.૦૦, ૧૨.૧૦, ૩.૩૦, ૬.૫૦, ૧૦.૧૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન: ૧૧.૧૦, ૨.૩૦, ૫.૫૦, ૯.૧૦

**સ્ક્રીન-૩ :**
બજરંગી ભાઈજાન: ૧૦.૩૦, ૧.૪૦, ૪.૫૦, ૮.૦૦

**સ્ક્રીન-૪ :**
બાહુબલી: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

### ચિરવિદાય

- સ્વ. રમાબેન ઠાકોરલાલ પંડ્યા (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૩૮૦/એ-૨, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. પ્રહલાદજી શંકાજી ઠાકોર (ઉ.વ.૪૫) ગામ - મહુદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રાંમાજી ચતુરજી ઠાકોર (ઉ.વ.૧૧૨) ગામ - શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ.લાડુબેન શકરાજી ઠાકોર (ઉ.વ.૭૫) ગામ - પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર

# ૧૨ વર્ષની બાળકીને બળાત્કારના ઈરાદે ઉપાડી જનાર ઝડપાયો

## શ્રમજીવીની દિકરીને બિસ્કીટની લાલચ આપીને બાઈક પર બેસાડી જ માર્ગ પર ઝાડીઓમાં લઈ ગયો ને પોલીસ જોઈ ગઈ હતી...!

ગાંધીનગર, તા.૨૦

પાંચ દિવસ પહેલા સાંજે સાતેક વાગ્યાના અરસામાં પથિકાશ્રમ પાસેથી એક શ્રમજીવીની ૧૨ વર્ષની બાળકીને બિસ્કીટ ખવડાવવાની લાલચ આપી બાઈક પર આવલો શખ્સ બાઈક પાછળ બેસાડી વિધાનસભા માર્ગથી જ માર્ગની ઝાડીઓમાં લઈ ગયો હતો. સે-૨૧ પોલીસનું ધ્યાન તેની પર જતા શંકાને આધારે ઝાડીઓમાં પહોંચી તપાસ કરી તો નરાધમ બાઈક ચાલક પોતાના કપડા નીકાળી બાળકી પર બળાત્કાર કરવાની તૈયારીમાં હતો. પોલીસને જોઈને તે શખ્સ બાઈક અને બાળકીને મુકીને કપડા લઈ ભાગી છુટયો હતો. પોલીસે કિશોરીને પુછતા સમગ્ર ભાંડો ફુટયો હતો. સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને બાઈકના નંબરને આધારે તપાસ કરતાં કડીની એક વ્યકિતનું બાઈક હોવાનું બહાર આવ્યું હતું.

બાઈક માલિકનો સંપર્ક કરતા જાણવા મળ્યું કે તે બાઈક તો તેનો ભાણેજ ફેરવે છે. ભાણેજ ધરમપુર ભુંડયા ગામના વિજય રતનસિંહ જાડેજા નામના શખ્સને સે-૭ પોલીસે ઝડપી પાડી તેની ધરપકડ કરી સઘન પુછતાછ શરુ કરી છે.

# હું પણ ગોવાળ રહી ચૂક્યો છુ અને ગાયના દૂધનું મહત્વ જાણુ છુ : વાસણભાઈ આહીર

## ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા આણંદના ધર્મજ ગામે ગૌચર પ્રશિક્ષણ શાળાનો શુભારંભ કરાયો

ગાંધીનગર, તા. ૨૦

ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા ગૌચર પ્રશિક્ષણ કાર્યશાળા શરૂ કરવામાં આવી હતી. આણંદ જિલ્લાના પેટલાક તાલુકાના ધર્મજ ગામે સંસદીય સચિવ વાસણભાઈ આહિરે શુભારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે હું પણ ગોવાળ રહી ચૂક્યો છુ અને ગાયના દૂધનું મહત્વ ખબર છે. બોર્ડની સક્રિયતાને અભિનંદન પાઠવું છું.

આ પ્રસંગ પ્રારંભે સ્વાગત પ્રવચન અગ્રણી કાર્યકર્તા અને શિબિરના સંયોજક રાજેશભાઈ પટેલે કર્યું હતું. ત્યારબાદ કાર્યશાળાની પૂર્વભૂમિકા બાંધતા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના અધ્યક્ષશ્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ સ્પષ્ટતા કરી હતી કે કોઈ ગામની જમીન લઈ લેવાની નથી. પરંતુ રાજ્ય સરકાર દ્વારા ગૌચર વિકાસ માટે ફાળવવામાં આવનાર ૧૦૦ કરોડ રૂપિયા યોગ્ય જગ્યાએ પહોંચે, યોગ્ય રીતે વપરાય અને સાચા અર્થમાં ગૌચરનો વિકાસ થાય તેની ચિંતા કરવાની જવાબદારી સમાજની છે. તેથી સમાજમાં જાગૃતિ લાવવા માટે આ કાર્યશાળાનું આયોજન કર્યું છે.

વિશેષમાં ડૉ. કથીરિયાએ જણાવ્યું કે આ જવાબદારી યુવાનો વિશેષ રીતે નિભાવી શકે તેમ છે. તેથી યુવાનો આ માટે આગળ આવે તેવી મારી વિનંતી છે. આ પ્રસંગે ઉપસ્થિત પશુપાલન અને સહકાર વિભાગના સચિવ મોનાબહેન ખંધારે જણાવ્યું કે ડાંગમાં મહિલાઓએ ગાયની સેવાનું કામ ઉત્તમ રીતે કર્યું છે. હવે સમગ્ર રાજ્યમાં ગૌચર વિકાસનું કામ આપણે વ્યવસ્થિત રીતે શરૂ કરવાનું છે અને આ ચોમાસા દરમિયાન તેનો સુંદર રીતે પ્રારંભ થઈ જાય તે આપણે સૌએ જવાબદારીપૂર્વક કામગીરી કરવાની છે. કામધેનુ યુનિવર્સિટીના ઉપકુલપતિ વાશ્રેયજીએ જણાવ્યું હતું કે ગાયના જુદા જુદા નામ છે જેવા કે નંદિની, કામધેનુ વગેરે પરંતુ દરેક ગાય માનવ માટે તો આશીર્વાદરૂપ જ છે.

આભારવિધિ ગુજરાત ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના સભ્ય સચિવ ડૉ. કિશોર પટેલે કરી હતી. આ ઉદ્ઘાટન સમારંભ બાદ કાર્યાશાળાના ચાર સત્રો લેવામાં આવ્યા હતા. જેમાં ઉપસ્થિત ચારસો જેટલા ગૌસેવકો, પંચાયતના સભ્યો, કાર્યકરો, આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

# સર્વ વિદ્યાલય કેમ્પસના બાળકોને પ્રજ્ઞાબેને માનસરોવર યાત્રાના અનુભવો વર્ણવ્યા

## પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એક પાત્રીય અભિનય સ્પર્ધાના વિજેતા કુલદીપ ડોડીયાની ફિલ્મ ક્ષેત્રે ઓડીશનમાં મોકલવા પસંદગી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સર્વ વિદ્યાલય કડી કેમ્પસમાં યોજાયેલ એક કાર્યક્રમમાં માહિતી ખાતાના નાયબ માહિતી નિયામક પ્રજ્ઞાબેન પટેલ દ્વારા અનેક પ્રવાસીઓ હિમાલય ખાતેના માનસરોવરની યાત્રામાં જોડાયા હતા. જેમાં જિલ્લા માહિતી ખાતાના નાયબ માહિતી નિયામક પ્રજ્ઞાબેન પટેલનો પણ સમાવેશ થયો હતો. પ્રજ્ઞાબેન પટેલે તેમની આ યાત્રાના સંસ્મરણો, અનુભવો તેમજ યાત્રામાં પડેલી મુશ્કેલીઓ વગેરે બાબતોને સર્વ વિદ્યાલય કેમ્પસના બાળકો સાથે શેર કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોએ પણ પ્રજ્ઞાબેને જીજ્ઞાસાવશ પ્રશ્નો પુછી તેમના મનમાં ઉદભવતા સવાલોનું સમાધાન મેળવ્યું હતું. આ કાર્યક્રમમાં કેમ્પસની સી.એમ. હાઈસ્કુલના વિદ્યાર્થી કુલદીપ કે. ડોડીયા જેઓ તાજેતરમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા યોજાયેલ ‘પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એક પાત્રીય અભિનય સ્પર્ધા’માં વિજેતા બન્યા હતા તેમનું ફિલ્મ ક્ષેત્રે પદાર્પણ કરવા ઓડીશન માટે મોકલવા પસંદગી કરાઈ હતી. કુલદીપ ડોડીયાએ બાળકો સમક્ષ તેમનો અભિનય કરી દેખાડી ભરપુર પ્રશંસા મેળવી હતી.





તેમની હિમાલય માનસરોવરની યાત્રાના સંસ્મરણો બાળકો સાથે વહેંચવામાં આવ્યાં હતા તેમજ બાળ કલાકાર કુલદીપ ડોડીયાનું ફિલ્મ ક્ષેત્રે પદાર્પણ માટે ઓડીશનમાં મોકલવા માટે પસંદગી કરવામાં આવી હતી.

તાજેતરમાં ગાંધીનગરમાંથી

# માર્ગ મકાન વિભાગ ૧૬મો રકતદાન કેમ્પ યોજશે

ગાંધીનગર, તા.૨૦

માર્ગ મકાન વિભાગ છેલ્લા પંદર વર્ષથી ફરજ સિવાયની સેવા બજાવી રહ્યુ છે. વિભાગ દ્વારા થેલેસેમિયાના દર્દીઓ માટે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આગામી ૨૩ જુલાઈના રોજ વિભાગ ૧૬મો રકતદાન કેમ્પ યોજશે.

થેલેસેમિયા રોગના કારણે વધારે માત્રામાં દર્દીને રકતની જરૂરિયાત પડે છે. થેલેસેમિયા પીડિતોની સંખ્યા પણ વધારે છે. દર્દીઓને ઉપયોગી થઈ શકે તે હેતુથી માર્ગ અને મકાન વિભાગ પંદર વર્ષથી રકતદાન કેમ્પનું આયોજન કરે છે. વિભાગ દ્વારા ૧૬મો રકતદાન કેમ્પ યોજાશે.

આગામી ૨૩ જુલાઈ ગુરુવારે બ્લોક નં. ૧૪ ભોંયતળિયે નવા સચિવાલય ખાતે રકતદાન કેમ્પ યોજાશે. દિવસ દરમિયાન ચાલનારા રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દાતાને સ્મૃતિચિહ્ન ભેટ આપવામાં આવશે.

## સેક્ટર-૨૮ દત્તબાવની પાઠ યોજાશે

સેક્ટર-૨૮ રંગ અવધૂત પરિવાર દ્વારા દત્ત બાવની પાઠ કરવામાં આવશે. આગામી ૨૨ જુલાઈ બુધવાર સવારે ૭ થી ૧૨ કલાક દરમિયાન હરિઓમભાઈ વ્યાસ પ્લોટ નં. ૫૪૩/૧ કોલવડાનગરના માતૃશ્રી રેવાબાની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે યોજાશે. શહેરીજનો અને રંગ ભક્તોને ઉપસ્થિત રહેવા આચાર્ય નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

# ગાંધીનગરના સુનીલ ત્રિવેદીની પરશુરામ બ્રહ્મસમાજના ઉપપ્રમુખ તરીકે નિમણુંક

ગાંધીનગર, તા. ૨૦

શ્રી પરશુરામ બ્રહ્મ સમાજ ગુજરાત પ્રદેશ તરફથી શ્રી સુનીલભાઈ મનુભાઈ ત્રિવેદીની ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવેલી છે. શ્રી ત્રિવેદી વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા પ્રમુખ હતા. તેમજ એમ.જે.પી. તથા જી.પી.પી.ના જિલ્લા પ્રમુખ હતા. ભાજપના ઉદ્યોગસેલના પ્રદેશ કન્વીનર તરીકે સેવા આપી રહ્યા છે. આનંદનગર વસાહત મંડળના પ્રમુખશ્રી, સમગ્ર પરશુરામ બ્રહ્મસમાજ આનંદની લાગણી અનુભવે છે.

## સેક્ટર-૩-ડીમાં આજે આનંદનો ગરબો

મા મેલડી આનંદ ગરબા મંડળ આયોજિત આનંદનો ગરબો સેક્ટર-૩-ડી રામેશ્વર મંદિરમાં તા. ૨૧મી જુલાઈના બપોરે ૨.૩૦ વાગે યોજાશે. ભક્તોને લાભ લેવા જણાવવામાં આવે છે. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

## કોંગ્રેસના પ્રવકતા-વકતા માટે નામોની ભલામણ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલ દ્વારા પ્રદેશ અધ્યક્ષ ભરતસહ સોલંકીને પ્રવકતા અને વકતા તરીકેના હોદ્દાઓ માટેના નામોની ભલામણ મોકલી આપી છે. આ ભલામણ મુજબ પ્રવકતા તરીકે નિમિશ શાહ, કે.પી. સોલંકી અને કનૈયાલાલ શાહ તેમજ વકતા તરીકે પંકજ શુકલ, કનૈયાલાલ પ્રજાપતિ તેમજ હસમુખ મકવાણાના નામોનું સુચન કરવામાં આવ્યું છે.

## ચક્ષુદાન કરાયુ

ગાંધીનગર સેકટર-૮ પ્લોટ નં. ૩૮૦/ એ-૨ ખાતે રહેતા રમાબેન પ્રભુલાલ દવેનું કઈકાલ રવિવારે અવસાન થયું છે. તેમના કુટુંબીજન ઠાકોરલાલ મણીલાલ પંડયા દ્વારા સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું છે.